# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત અને અમેરિકા આતંકવાદ સામેની લડાઈમાં મજબૂતીથી સાથે ઉભા છે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બેંગલુરુમાં આયોજિત 10મા આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલનનું ઉદ્ઘાટન કર્યું
3) કેન્દ્રીય ટીમ સાથે સંયુક્ત કિસાન મોરચા અને કિસાન મજૂર મોરચાના નેતાઓની ચંદીગઢમાં બેઠક ચાલુ
4) કેન્દ્રીય ગુહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ઉત્તરાખંડના હલ્દવાની ખાતે 38મા રાષ્ટ્રીય રમતોત્સવનું સમાપન થયું
5) 2019માં આજના દિવસે પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા સૈનિકોને દેશભરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી
6) પાકિસ્તાનમાં બલુચિસ્તાનના હરનાઈમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં 11 ના મોત અને સાત ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત અને અમેરિકા આતંકવાદ સામેની લડાઈમાં મજબૂતીથી સાથે ઉભા છે અને બંને સંમત છે કે સરહદ પાર આતંકવાદને નાબૂદ કરવા માટે નક્કર પગલાં લેવાની જરૂર છે. તેઓ આજે વોશિંગ્ટન ડીસીમાં વ્હાઇટ હાઉસ ખાતે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની દ્વિપક્ષીય ચર્ચા બાદ આમ જણાવ્યું.

શ્રી મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકાએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણું કરીને 500 અબજ ડોલર કરવાનો નિર્ણય લીધો છે.

દરમિયાન, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ભારત અને અમેરિકા સૌથી મોટા વેપાર માર્ગોમાંથી એક, ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર બનાવવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે

# FUR. REV. EARLY PRESIDENT-KARNATAKA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કર્ણાટકની મુલાકાતે છે. રાષ્ટ્રપતિ બેંગલુરુમાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા આયોજિત 10મા આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે કહ્યું કે, ટેકનોલોજીકલ વિકાસના વર્તમાન યુગમાં, આપણે ખાતરી કરવી પડશે કે માનવીય મૂલ્યો અકબંધ રહે.

રાષ્ટ્રપતિ આવતીકાલે રાંચીમાં બીઆઈટી મેસરાના હીરક મહોત્સવ સમારોહને સંબોધિત કરશે.

## REV. INDIA ENERGY WEEK END

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે ભારત ઉર્જા સપ્તાહે પોતાને વિશ્વના બીજા સૌથી મોટા ઉર્જા પ્લેટફોર્મ તરીકે સ્થાપિત કર્યું છે. આજે નવી દિલ્હીમાં ઊર્જા સપ્તાહના સમાપન સત્રને સંબોધતા શ્રી પુરીએ જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ ફક્ત નેટવર્કિંગ પ્લેટફોર્મ તરીકે સેવા આપવાને બદલે વાસ્તવિક વ્યવસાયિક વ્યવહારોને સરળ બનાવીને અન્ય વૈશ્વિક ઊર્જા મંચોથી પોતાને અલગ પાડે છે. તેમણે ખર્ચ-અસરકારક રૂપાંતર કીટ જેવા વ્યવહારુ નવીનતાઓ વિશે પણ માહિતી આપી હતી. ઊર્જા સપ્તાહની આગામી આવૃત્તિ ગોવામાં યોજાશે.

# GUJARAT-LOCAL BODIES ELECTION

ગુજરાતમાં 16 ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પ્રચાર પડઘમ આજે શાંત થયા છે. હવે ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરશે. આ ચૂંટણીમાં કુલ 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી લડશે.

રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવ્યા પ્રમાણે,.સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે કુલ 7 હજાર 36 ઉમેદવારી પત્રો રજૂ થયા હતા તે પૈકી 1 હજાર 261 અમાન્ય તેમજ 5 હજાર 775 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે અને 478 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા છે. 16 ફેબ્રુઆરીએ સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. તો 18 ફેબ્રુઆરીના રોજ મતગણતરી હાથ ધરાશે.

# PUNJAB FARMERS-MEETING

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીના નેતૃત્વ હેઠળની કેન્દ્રીય ટીમ સાથે સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજૂર મોરચાની ચંદીગઢમાં બેઠક ચાલી રહી છે. ખેડૂત નેતાઓ જગજીત સિંહ દલેવાલ અને સરવન સિંહ પંઢેર સહિત અઠ્ઠાવીસ ખેડૂતો આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. મુખ્ય સચિવ કેપીએસ સિંહા, પંજાબના કૃષિ મંત્રી ગુરમીત સિંહ ખુદિયાન અને પંજાબના કેબિનેટ મંત્રી લાલચંદ કટારુચક પણ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

# MAHA KUMBH – INDIA POST

અને હવે મહાકુંભ અંગેના સમાચાર ..

(KUMBH OPENING)

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં ટપાલ વિભાગ દ્વારા ભક્તોને અનોખી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. વિભાગ દ્વારા મેળા વિસ્તારમાં સ્થાપિત કેમ્પમાં આધાર અને અન્ય દસ્તાવેજો અપડેટ કરવા જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ મહાકુંભ 2025 પર ત્રણ સ્મારક ટપાલ ટિકિટો બહાર પાડી હતી. તેમણે પ્રયાગરાજમાં અરૈલ ઘાટ પોસ્ટ ઓફિસમાં ટિકિટોનું અનાવરણ કર્યું. સ્મારક ટપાલ ટિકિટોમાં ત્રિવેણી તીર્થના ત્રણ મુખ્ય પાસાઓ મહર્ષિ ભારદ્વાજ આશ્રમ, સ્નાન અને અક્ષયવટ દર્શાવવામાં આવ્યા છે. પવિત્ર સ્નાન દિવસો પર વિશેષ કવર, 'દિવ્ય, ભવ્ય અને ડિજિટલ મહાકુંભ' અને પોસ્ટકાર્ડ્સ સહિત અન્ય ટપાલ ટિકિટો પણ બહાર પાડવામાં આવી છે. આ વસ્તુઓ વેબસાઇટ – www.epostoffice.gov.in પર ઉપલબ્ધ છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા ભારતીય ટપાલ વિભાગના નાયબ પોસ્ટમાસ્ટર મનોજકુમાર પાંડેએ ભક્તોને પૂરી પાડવામાં આવતી સેવાઓ અંગે જણાવ્યું હતું.

(બાઇટ – મનોજ કુમાર પાંડે, ભારતીય ટપાલ વિભાગ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# EVE. NATIONAL GAMES- AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ઉત્તરાખંડના હલ્દવાની ખાતે 38મા રાષ્ટ્રીય રમતોત્સવનું સમાપન થયું. કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી, મેઘાલયના મુખ્યમંત્રી કોંગકલ સંગમા, કેન્દ્રીય માર્ગ અને પરિવહન રાજ્યમંત્રી અજય ટમટા, ભારતીય ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ પીટી ઉષા સહિત અનેક મહાનુભાવો આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 28 જાન્યુઆરીએ દેહરાદૂન ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી શાહે તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**(બાઇટ – અમિત શાહ)**

દરમ્યાન ત્રણેય સેનાની સંયુક્ત ટીમે 68 સુવર્ણ ચંદ્રકો સહિત કુલ 121 ચંદ્રકો જીતીને મેડલ ટેલીમાં ટોચનું સ્થાન મેળવ્યું. મહારાષ્ટ્ર 54 સુવર્ણ સહિત 201 ચંદ્રકો સાથે બીજા ક્રમે રહ્યું, જ્યારે હરિયાણા 48 સુવર્ણ સહિત 153 ચંદ્રકો સાથે ત્રીજા ક્રમે રહ્યું. મધ્યપ્રદેશ ચોથા, કર્ણાટક પાંચમા અને તમિલનાડુ છઠ્ઠા ક્રમે રહ્યું.

# PULWAMA ATTACK

પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને આજે છ વર્ષ પૂરા થયા છે. સમગ્ર દેશમાં આજે વિવિધ કાર્યક્રમો દ્વારા હુમલામાં શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. આ હુમલામાં 40 CRPF જવાનો શહીદ થયા હતા.

દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2019 માં પુલવામા હુમલામાં શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યુ કે ભાવિ પેઢીઓ સૈનિકોના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલશે નહીં.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી. શ્રી શાહે સોશિયલ મીડિયામાં કહ્યું કે આતંકવાદ સમાજનો સૌથી મોટો દુશ્મન છે અને આખું વિશ્વ તેની સામે એક થયું છે. ભાજપના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકારે આતંકવાદ સામે કડક નીતિ અપનાવી છે.

# PAK-BOMB BLAST

પાકિસ્તાનમાં બલુચિસ્તાનના હરનાઈમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં 11 કામદારોના મોત થયા અને સાત અન્ય ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. આ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને ઇજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ વિસ્તારમાં અગાઉ પણ બોમ્બ વિસ્ફોટની ઘણી ઘટનાઓ બની છે. આ હુમલાની જવાબદારી કોઈ આતંકવાદી જૂથે સ્વીકારી નથી. જોકે, બલુચિસ્તાનના અલગાવવાદી જૂથ, બલોચ લિબરેશન આર્મી, ભૂતકાળમાં આવા હુમલાઓને અંજામ આપવામાં સક્રિય રહ્યું છે. બલુચિસ્તાન પ્રાંતીય સરકારે આ હુમલાની નિંદા કરી છે અને ઘટનાની તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે.

# WPL

મહિલાઓ માટેની ક્રિકેટ પ્રિમીયર લીગની પ્રથમ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે વડોદરામાં રમાઈ રહી છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા અહેવાલ પ્રમાણે ગુજરાત જાયન્ટ્સના 5 ઓવરમાં 1 વિકેટે 37 રન થયા છે.

# PUNJAB-BIGGEST SEIZURE

પંજાબ પોલીસે અમૃતસર જઈ રહેલા ડ્રગ તસ્કર પાસેથી 30 કિલો હેરોઈન જપ્ત કર્યું છે. આ વર્ષે રાજ્યમાં હેરોઈનની આ સૌથી મોટી જપ્તી છે. પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપીઓએ ડ્રોન દ્વારા સરહદ પારથી આ ડ્રગ મેળવ્યું હતું. દાણચોરીના નેટવર્ક અંગે આરોપીને વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.